GUJARAT BILL NO. 9 OF 2025.

THE GUJARAT LAND REVENUE (AMENDMENT) BILL, 2025.

A BILL

further to amend the Gujarat Land Revenue Code, 1879.

સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૯ .

ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫.

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છોંતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૮૭૯ના મુંબઇના ૫મા અધિનિયમની કલમ ૧૨૫-છનો સુધારો.

૨. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯માં, કલમ ૧૨૫-છમાં, પેટા-કલમ (૧)માં,-

સન ૧૮૭૯નો મુંબઇનો ૫મો.

(૧) ખંડ (૧)માં, નીચેનો પરંતુક ઉમેરવોઃ-

સન ૧૮૭૯નો મુંબઇનો ૫મો.

"પરંતુ ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમો ૬૫ અથવા ૬૮ની શરત અથવા જોગવાઇઓના કહેવાતા ઉલ્લંઘનના સંબંધમાં, અધિનિયમની કલમ ૬૬ અથવા યથાપ્રસંગ, કલમ ૭૯ક હેઠળ કાર્યવાહીઓ શરૂ કરવામાં આવી હોય, તો તે (કાર્યવાહીઓ) રદ થશે અને કલમ ૬૬ અથવા યથાપ્રસંગ, કલમ ૭૯ક હેઠળ કાર્યવાહીઓ શરૂ કરવામાં આવી ન હોય તેવા કિસ્સામાં, તે (કાર્યવાહીઓ) શરૂ કરવી નહિ;";

(૨) ખંડ (૨)માં, નીચેનો પરંતુક ઉમેરવોઃ-

"પરંતુ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪૩ની શરત અથવા જોગવાઇના કહેવાતા ઉલ્લંઘનના સંબંધમાં કાર્યવાહીઓ શરૂ કરવામાં આવી હોય પરંતુ સદરહુ અધિનિયમની કલમ ૮૪ગની પેટા-કલમ (૪) હેઠળ જમીન ફાળવવામાં આવી ન હોય, તો તે (કાર્યવાહીઓ) રદ થશે અને કલમ ૮૪ગ હેઠળ કોઇપણ કાર્યવાહીઓ હજુ સુધી શરૂ કરવામાં આવેલી ન હોય, ત્યારે તે (કાર્યવાહીઓ) શરૂ કરવી નહિ;"; સન ૧૯૪૮નો મુંબઇનો ૬૭મો.

(૩) ખંડ (૩)માં, નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૫૭ની શરત અથવા જોગવાઇના કહેવાતા ઉલ્લંઘનના સંબંધમાં કાર્યવાહીઓ શરૂ કરવામાં આવી હોય પરંતુ સદરહુ અધિનિયમની કલમ ૧૨૨ની પેટા-કલમ (૪) હેઠળ જમીન ફાળવવામાં આવી ન હોય, તો તે (કાર્યવાહીઓ) રદ થશે અને કલમ ૧૨૨ હેઠળ કોઇપણ કાર્યવાહીઓ હજુ સુધી શરૂ કરવામાં આવેલી ન હોય, ત્યારે તે (કાર્યવાહીઓ) શરૂ કરવી નહિ;". સન ૧૯૫૮નો મુંબઇનો ૯૯મો.

ઉદ્દેશો અને કારણો

ફેરફારના રજિસ્ટર અને હકપત્રને તેની વર્તમાન સ્થિતિમાં લાવવાના હેતુ માટે, ખાનગી જમીનોનું પૂરક સેટલમેન્ટ કરવા માટેની ખાસ જોગવાઇ કરીને, પરિવર્તનીય વિસ્તારોમાં આવેલી જમીનો પરના ફેરફારોનું રજિસ્ટર તૈયાર કરવા, તેને અદ્યતન કરવા અને તેની નિભાવણી કરવાના હેતુથી તેમજ અમુક મહેસૂલ કાયદાના ઉલ્લંઘનને કારણે ઊભી થતી નિર્દિષ્ટ કરેલી કાર્યવાહીની જોગવાઇ કરવા માટે, અને બીજા તમામ સરકારી લેણા વગેરે રકર્ડ પર લાવવાના હેતુ માટે તથા ખાતાની ચોક્કસ અને સાચી સ્થિતિને પણ રેકર્ડ પર લાવવાના હેતુ માટે તેમજ જમીન મહેસૂલના સેટલમેન્ટ, રૂપાંતરિત વેરાની ચૂકવણીના હેતુ માટે, આવી તમામ ધારણ કરેલી જમીનને રેકર્ડ પર લાવવા માટે, માંડવાળ ફી અને પ્રીમિયમની રકમ તથા બીજા સરકારી લેણાની ચૂકવણી માટે, સન ૨૦૧૭માં ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯માં પ્રકરણ ૯-ક દાખલ કરવામાં આવ્યું છે.

સદરહુ દૂરદર્શિતાને તેના તાર્કિક પરિણામ સુધી લઇ જવા અને જમીન મહેસૂલ રેકર્ડ પર લાવવાના હેતુ માટે, માંડવાળ ફી અને પ્રીમિયમની રકમ તથા બીજા સરકારી લેણાની ચૂકવણી થયેથી, પરિવર્તનીય વિસ્તારોમાં આવેલી જમીનોને તેની વર્તમાન સ્થિતિમાં લાવવા માટે, સરકારને, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૧૨૫-છ-માં સુધારો કરવાનું જરૂરી જણાયું છે, જેથી કરીને અધિનિયમની કલમો ૬૬, ૭૯ક અથવા ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૮૪-ગ અથવા ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૧૨૨ હેઠળની કાર્યવાહીઓ રદ્દ થાય નહિ, તો તેની, પૂરક મહેસૂલ સેટલમેન્ટ પર અસર થશે અને અધિનિયમની કલમ ૧૩૫-ગ હેઠળ હક સંપાદનની જાણ કરવા માટે ના-લેણા પ્રમાણપત્ર મેળવવા માટે અધિકૃત મહેસૂલ અધિકારીને અરજી કરવાની દાવેદારની કાર્યવાહી માન્ય રહેશે. તેથી, ઉપર પ્રમાણેનો સુધારો કરવાનો એવો અર્થ થશે કે અન્ય અધિનિયમો હેઠળની બીજી કોઇપણ કાર્યવાહીઓ શરૂ કરવાની રહેશે નહિ કે ચાલુ રહેશે નહિ અને શરતોના અથવા જોગવાઇઓના ઉલ્લંઘનનો, અધિનિયમના પ્રકરણ ૯-ક હેઠળ નિર્ણય કરી શકાશે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા ધાર્યું છે.

બલવંતસિંહ રાજપુત,

ધારાકીય સત્તા સોંપવાની ચાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઇ કરી છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૦મી માર્ચ, ૨૦૨૫. **બલવંતસિંહ રાજપુત.**

પુરવણી

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯
(સન ૧૮૭૯ના મુંબઇના ૫-મા)માંથી ઉતારા.

પૂરક મહેસૂલ સેટલમેન્ટના ઉલ્લંઘન અને તેને બાકાત રાખવા બદલ માંડવાળ ફી.

૧૨૫-છ. (૧) નીચેના અધિનિયમો હેઠળ જે જમીન માટે કલેક્ટરની પૂર્વ-મંજૂરી લેવી જરૂરી હોય પણ મંજૂરી લીધી ન હોય અને અનધિકૃત વિકાસ કરવામાં આવ્યો હોય અથવા ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય, ત્યારે નીચેના અધિનિયમો હેઠળની શરત અથવા યથાપ્રસંગ, જોગવાઇઓના ઉલ્લંઘન માટે જેટલી પ્રીમિયમની રકમ અને બીજા સરકારી લેણાં લેવાપાત્ર હોય તેના સિવાય માંડવાળ ફી લેવાનું રાજ્ય સરકાર માટે કાયદેસર રહેશે.

સન ૧૮૭૯નો મુંબઇનો ૫-મો.

(૧) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમો ૬૫ અને ૬૮;

સન ૧૯૪૮નો મુંબઇનો ૬૭મો.

(૨) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪૩;

સન ૧૯૫૮નો મુંબઇનો ૯૯મો.

(૩) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૫૭;

(૪) થી (૬) xxx xxx xxx

(૨) xxx xxx xxx

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૯ .]

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી બલવંતસિંહ રાજપુત,

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી.]

(સન ૨૦૨૫ના માર્ચ મહિનાની ૨૦મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડ્યા,
ઇન્ચાર્જ સચિવ,
ગુજરાત વિધાનસભા.